**આંક–૪.**

**શ્રી એસ.ડબલ્યુ.વાઘ, પ્રિસાઈડીંગ ઓફીસર, લેબર કોર્ટ, સુરત.**

**રેફરન્સ(ટી) નં. ૧૦૨/૨૦૧૩.**

**પ્રથમ પક્ષકાર :** આરૂષી ટેક્ષટાઈલ્સ પ્રા.લી.
ઠે. પ્લોટ નં. ૯૮ થી ૧૦૨, ગ્રાઉન્ડ ફલોર,૧ લોમાળ,સ્વામી
ઈન્ડ. સોસાયટી, ઉધના મગદલ્લા રોડ, સુરત.

**વિરૂદ્ધ**

**બીજા પક્ષકાર :** શ્રી રમેશ લક્ષ્મણ શેટ્ટી,
ઠે. ગોકુળ નગર,આઝાદ નગર, દિનેશભાઈનાં મકાનમાં,
ભટાર રોડ, સુરત.

**પ્રતિનિધિત્વ :** પ્રથમ પક્ષકાર તરફે ....કોઈ હાજર નથી.
બીજા પક્ષકાર તરફે .... વિ.પ્ર.શ્રી રાજેશભાઈ સુરતી.

## એવોર્ડ

હાલનો રેફરન્સ મદદનીશ શ્રમ આયુકત, સુરતનાઓએ તેમની કચેરીનાં તા.૧૦/૦૬/૨૦૧૩ નાં હુકમ નં.કેએચ/એસએચએમસી/એજે/આઈડીઆર/ ૧૩૭/૨૦૧૩ થી ધી આઈ. ડી. એકટ ૧૯૪૭ ની કલમ–૧૦(૧) ની જોગવાઈ અન્વયે ઉપસ્થિત કરી અનુસુચિમાં જણાવ્યા મુજબની ઔદ્યોગિક તકરારનો ગુણદોષ ઉપર ન્યાય નિર્ણય કરવા સારું અત્રે સુપ્રત કરેલ છે.

## અનુસૂચિ

કામદાર શ્રી રમેશ લક્ષ્મણ શેટ્ટીને તેમના પડેલા દિવસોના પગાર સહીત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ?

૨. સદર રેફરન્સ કોર્ટને હવાલે આવ્યા બાદ બીજા પક્ષકારને તેમનું માંગણાનું નિવેદન રજુ કરવાની ધોરણસરની નોટીસ બજાવવામાં આવેલ,જે બજી ગયેલ હોવા છતાં બીજા પક્ષકારે તેઓનું માંગણાનું નિવેદન રજુ કરેલ નથી. પ્રથમ પક્ષકાર પણ કોઈ જવાબ કે અરજી રજુ કરવામાં આવેલ નથી. ત્યારબાદ સદર કામ પુરાવા પર રાખવામાં આવતા પુરાવાના તબકકે પણ બીજા પક્ષકાર હાજર રહેલ નથી અને કોઈ પુરાવો રજુ કરેલ ન હોય, સદર કામ પાંચ વર્ષ ઉપરાંત જુનુ હોય બીજા પક્ષકાર પુરાવાના તબકકે હાજર ન રહેતા તેમનો પુરાવાનો હકક આંક–૩ પર હુકમ કરી બંધ કરવામાં આવેલ છે. તેવી જ રીતે પ્રથમ પક્ષકાર તરફે કોઈ હાજર ન રહેતા અને કોઈ રજુઆત ન કરતાં તેમનો પણ પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ સદર કામ દલીલ પર રાખવામાં આવતાં બંન્ને પક્ષકારો તરફે હાજર રહેતા ન હોય અને દલીલ રજુ કરતા ન હોય બંન્ને પક્ષકારનો દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

૩. આમ બીજા પક્ષકાર કેસની સુનાવણીના તબકકાઓમાં હાજર રહેલ નથી. બીજા પક્ષકારને તેમનું માંગણાનું નિવેદન રજુ કરવાની પૂરતી તકો આપવા છતાં બીજા પક્ષકાર તરફે તેમના માંગણાનું નિવેદન રજુ કરેલ નથી. તેથી સદર રેફરન્સ બીજા પક્ષકારના માંગણાના નિવેદનના અભાવે રદ થવાને પાત્ર છે. તેમજ બીજા પક્ષકારે મદદનીશ આયુકતશ્રી, સુરત સમક્ષ તેઓની ફરીયાદમાં તેઓને પ્રથમ પક્ષકારેતા.૦૬/૦૧/૨૦૧૩ ના રોજ નોકરીમાંથી છુટા કર્યાનું જણાવેલ છે.પરંતુ મજકુર હકિકતો બીજા પક્ષકારે માંગણાનું નિવેદન રજુ કરી કે તેના સમર્થનમાં કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા

રજુ કરી પુરવાર કરવું જોઈએ, પરંતુ બીજા પક્ષકારે તેમ કરેલ નથી. આ ઉપરાંત અદાલતમાં સુનાવણીના તબકકાઓમાં પણ બીજા પક્ષકાર સતત ગેરહાજર રહેલ છે. આમ, કેસની હકિકત જોતાં બીજા પક્ષકાર તેઓની ફરીયાદમાં માંગ્યા મુજબની કોઈ દાદ મેળવવા હકકદાર થતા નથી. બીજા પક્ષકારનો રેફરન્સ માંગણાનું નિવેદન તથા પુરાવાના અભાવે નામંજુર થવાને પાત્ર હોય આ કામે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

૧. બીજા પક્ષકારનો રેફરન્સ નામંજુર કરવામાં આવે છે.

૨. રેફરન્સના ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સુરત.
તા. ૨૦/૧૦/૨૦૧૮

**(સુનિલ વામન વાઘ)**
પ્રિસાઈડીંગ ઓફીસર, લેબર કોર્ટ, સુરત.
U.I.C.NO.GJ01258